Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[illegible]

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

## શ્રાવણ

પુસ્તક ૭૨ મું
અંક ૧૦ મો
૧૦ મી ઓગષ્ટ

વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨
ઈ. સ. ૧૯૫૬

सम्यग्ज्ञानं परमं निधानं

श्री जैनधर्म प्रसारक सभा

जं मे बुद्धाणुसासंति,
सीएण फरुसेण वा ।
मम लाभोत्ति पेहाए,
पयओ तं पडिस्सुणे ॥ २ ॥

ગુરુ મહારાજ કે વડીલ જન મને જે શીતળ અને કોમળ વચનોવડે અથવા તો કઠોર વચનવડે જે ઉપદેશ આપે છે, શિક્ષાવચન કહે છે તે ખરેખર મને લાભકારક છે એમ વિચારીને વિવેકપૂર્વક તેનું પાલન કરવું; કઠોર વચન સાંભળીને કદાપિ પણ ક્રોધ કે રોષ ન કરવો.

हिअं विगयभया बुद्धा,
फरुसं पि अणुसासणं ।
वेसं तं होइ मूढाणं,
खंतिसोहिकरं पयं ॥ २९ ॥

આ લોક તેમજ પરલોક વિગેરે સાત પ્રકારોના ભયરહિત અને તત્વના જાણ એવા સુશિષ્યો ગુરુજનના કઠોર વચનને પણ હિતકારક માને છે; જ્યારે મૂઢ અને મૂર્ખ એવા કુશિષ્યો તેવા આત્મવિશુદ્ધિને કરનાર વચનોને દ્વેષના કારણભૂત માને છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્ય. ૧, શ્લોક ૨૭-૨૯

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી ભાવનગરમંડન શ્રી ઋષભજિન સ્તવન-પ્રાચીન | (પં. શ્રી હર્ષસાગરજી ગણિ) | ૧૨૯ |
| ૨ | શ્રી પર્યુષણાનું સ્તવન .... | .... (મુનિરાજ શ્રી ભાસ્કરવિજયજી) | ૧૩૦ |
| ૩ | महावीर बन सके देख तो और शेष क्या? .... | (સંપા૦ રાજમલજી ભંડારી) | ૧૩૧ |
| ૪ | શ્રી પાર્શ્વજિન સ્તવન .... | (મુનિરાજશ્રી રુચકવિજયજી મહારાજ) | ૧૩૧ |
| ૫ | સમુદ્ર-વહાણ સંવાદ : ૬ .... | (પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય) | ૧૩૨ |
| ૬ | સાચી શાંતિ કેમ મળે? .... | (મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી) | ૧૩૪ |
| ૭ | સાવધાન! મહાપર્વ આવે છે .... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૩૬ |
| ૮ | એ શ્રાવક-દંપતી .... .... | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૧૩૮ |
| ૯ | ક્ષમાપનાનું મહાપર્વ .... | (મુનિરાજશ્રી રુચકવિજયજી મહારાજ) | ૧૪૦ |
| ૧૦ | પર્યુષણ પર્વારાધનની સફળતા .... | (માસ્તર ખુબચંદ કેશવલાલ-સિરોહી) | ૧૪૨ |


## નવા સભાસદો

| | | | |
|---|---|---|---|
| ૧ | સંઘવી મનસુખલાલ ફતેચંદ | ભાવનગર | લાઇફ મેમ્બર |
| ૨ | સલોત જયન્તિલાલ રતિલાલ | ,, | ,, |

**પંચોતેરમી વર્ષગાંઠ**

શ્રાવણ શુદિ ત્રીજ ને ગુરુવારના રોજ આપણી સભાની પંચોતેરમી વર્ષગાંઠ હોવાથી તે દિવસે સભાસદ બંધુઓ તેમજ આમંત્રિત સદ્‌ગૃહસ્થો બપોરના મેલમાં શીહોર મુકામે પધાર્યા હતા. ત્યાં સ્ટેશન પરની ધર્મશાળામાં બાર વ્રતની પૂજા રાગ-રાગિણીથી ભણાવવામાં આવી હતી. ગવૈયાને પાલીતાણાથી બોલાવવામાં આવ્યો હોવાથી પ્રભુ-ભક્તિમાં સારો રસ જામ્યો હતો

સાંજના દુધપાક-પુરીનું પ્રાતિભોજન કરવામાં આવેલ અને રાત્રિની ટ્રેનમાં સભાસદ બંધુઓ વિગેરે ભાવનગર આવ્યા હતા. સભાસદ બંધુઓએ સારી સંખ્યામાં પધારી આ ઉત્સવને શોભાવ્યો હતો.


પવિત્ર પર્યુષણ પર્વમાં આરાધના માટે અતિ ઉપયોગી પ્રકાશનો

**૧. અક્ષયનિધિ તપ વિધિ**

પર્વાધિરાજ પર્યુષણને લગતાં દિવસોમાં આ તપનું સારી સંખ્યામાં આરાધન કરવામાં આવે છે. શ્રાવણ વદ ચોથથી શરૂ કરીને ભાદરવા સુદિ ચોથ એટલે કે સંવત્સરીના દિવસે આ તપની પૂર્ણાહૂતિ કરવામાં આવે છે. આ પુસ્તકમાં અક્ષયનિધિ તપની સંપૂર્ણ વિધિ, ચૈત્યવંદન, સ્તવન, પૂજાની ઢાળ, ખમાસમણના દુહા, અક્ષયનિધિ તપનું મોટું સ્તવન તથા છંદો, આ તપથી મનવાંછિત સિદ્ધિ પ્રાપ્ત કરનાર સુંદરીની રસિક કથા વિગેરે પણ આપવામાં આવેલ છે. મૂલ્ય માત્ર ત્રણ આના વિશેષ નકલો મગાવનારે પત્રવ્યવહાર કરવો. લખો:-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૨ મું
અંક ૧૦

શ્રાવણ

વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨

## શ્રી ભાવનગર મંડન શ્રી ઋષભ જિન સ્તવન

(રાગ વસંત–ધમાલ)

આદિકરણ જિન આદ્ય પ્રભુજી, શિવસુખનો દાતાર લલના;
પરમપુરુષ પ્રભુ માહરો, જીવનપ્રાણ આધાર.
મનમોહન જિન જુહારીએ હો. ૧
અહો મેરે મનમોહન જિન જુહારીએ, વારીએ મોહ જંજાળ–
મનમોહન૦ એ આંકણી.
ભાવનગર જિન મંદિર કરીને, હવણા થાપી ઉદાર, લલના.
તા દિનથી સવિ સંઘને હો, વરત્યો છે જય જયકાર. લલના. મન૦ ૨
નરનારી સહુ સંઘ મળીને, સ્તવના કરે વિધ સાર, લલના.
ત્રણ કાળ કરે પૂજના હો, ભાવ સહિત સુખકાર. લલના. મન૦ ૩
વસંત માસ આયો શુભ જાણી, આંગી અજબ રચાય, લલના.
જાઈ જુઈ સંગ માગરો હો, જાસુદ બહુવિધ ચઢાઈ. લલના. મન૦ ૪
ભરી ભરી લાલ ગુલાબકી ઝોળી, છાંટત મન ભરપૂર, લલના.
દયાસાગર પ્રભુ નામથી હો, પાયો અબ અપનો સમુર.* લલના. મન૦ ૫

— પં. શ્રી દયાસાગરજી ગણિ

---

* પં. શ્રી દયાસાગરજી ગણિવર્યે સં. ૧૮૬૫ની પોતાની ભાવનગર શહેરની સ્થિરતા દરમિયાન મહા વદિ તેરસના રોજ આ સ્તવનની રચના કરી હતી. આ પ્રાચીન સ્તવન યતિ શ્રી જેચંદજીના હસ્તલિખિત ગુટકામાં સંગ્રહાએલું હતું તે પાટણનિવાસી ભોજક મોહનલાલ ગિરધરલાલે ઉતારીને પ્રસિદ્ધિ અર્થે મોકલેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પર્યુષણ પર્વનું સ્તવન

( ભવિજન ભજીએ જી—એ રાગ )

પર્વ પર્યુષણ પ્રેમે કીજે, નરભવ સફળ કરીજે જી;
મન વચ કાયા વશ કરીને, દેવગુરુ ચિત્ત ધરીજે.
અવસર મળીયો જી, જૈન ધર્મ રૂડો ફળીયો. અવસર૦ ૧

લખ ચોરાશી ફેરા ફરીને, પૂરવ પુણ્ય પાયો જી;
નદી ગોળ પાષાણ ન્યાયે, મનુષ્ય ભવમેં આયો. અવસર૦ ૨

આર્ય દેશે શ્રાવક કુળ, ઉત્તમ ધર્મ પામ્યા જી;
પંચેંદ્રિય ને આયુષ્ય પૂરું, દેવગુરુ દર્શન કામ્યા. અવસર૦ ૩

માટે સહુ પ્રમાદ તજીને, ધર્મકાર્ય રૂડા કરજો જી;
રત્નત્રયી રૂડી આરાધી, શિવવધૂને વરજો. અવસર૦ ૪

બાર માસમાં આઠ દિવસ, ઉત્તમ ભાવના ભાવો જી;
અઠ્ઠાઈ ઓચ્છવ શાંતિસ્નાત્ર, રૂડો ધર્મ દીપાવો. અવસર૦ ૫

ચોસઠ પહોરી પોસહ કરીને, જયણા જીવની કરીયે જી;
આઠ દિવસ લગી અમર પળાવી, નવપદ ચિત્તમાં ધરીયે. અવસર૦ ૬

માસ પાસ વળી દશમ દુવાલસ, ચત્તારિ અઠ્ઠ ધારો જી;
દાન શિયળ તપ ભાવ ધરીને, ક્રોધ કષાયને વારો. અવસર૦ ૭

પાપસ્થાનક અઢાર તજીને, જીવ સર્વે ખમાવો જી;
સુકૃતતણી કમાઈ વાપરીને, લ્યો લક્ષ્મીનો લાવો. અવસર૦ ૮

નવ દિન વ્યાખ્યાન શ્રવણ કરતાં, કલ્પસૂત્ર પધરાવોજી;
આદિ નેમી પાર્શ્વચરિત્ર, વીર જન્મ વંચાવો. અવસર૦ ૯

વરઘોડા ને રાત્રીજગા, પ્રભાવના રૂડી રીતે જી;
જૈનશાસનને ખૂબ દીપાવો, ધવળ મંગળ ને ગીતો. અવસર૦ ૧૦

ચૈત્રપ્રવાડી વિધિશું કીજે, સ્વામીવાત્સલ્ય કરજો જી;
સ્વામીભાઈનો ઉધ્ધાર કરવા, ભાવ અધિકો ધરજો. અવસર૦ ૧૧

સિધ્ધાઈદેવી રક્ષા કરશે, એ રીતે જે પાળે જી;
ભક્તિ કંચન પસાયે ભાસ્કર, શાસનને અજવાળે. અવસર૦ ૧૨

મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## महावीर बन सके देश तो और शेष क्या?

[ रचयिता–मध्य भारत के प्रसिद्ध कवि डा. शिवमंगलसिंह सुमन ]

कर्म धर्मकी धाय, मूल धर्मोंकी धरणी,
जय भारतकी भूमि, महावीरोंकी जननी ।
यह जीवन उत्सर्ग सदा, परहितरत बीते,
महावीर वह जो, जीवनकी इच्छा जीते ॥ १ ॥

द्वन्दों से परितापित, भूका भार हर सके,
क्रोध घृणा हिंसा, इर्षाको क्षार कर सके ।
वैभव श्री सुख त्याग, धार करुणाकी धारे,
महावीर वह जो, पहले अपना मन मारे ॥ २ ॥

जिन बन सकना सरल, नहीं जीवनके धाता,
जैन जीव होता, अपना ही भाग्य विधाता ।
लोक साधना मंगलमय, लीला विस्तारे,
धर्म कर्ममय, कर्म धर्ममय, रूप संचारे ॥ ३ ॥

शान्ति–स्नेह–समताकी, घर घरमें पुकार हो,
श्रमका मूल्य श्रमण संस्कृति,-का मूल सार हो ।
सत्य, अहिंसा, अपरिग्रह से, बड़ा वेश क्या?
महावीर बन सके देश तो, और शेष क्या? ॥ ४ ॥

## શ્રી પાર્શ્વજિન સ્તવન.

(કાશી દેખી મથુરા દેખી દેખે તીરથ સારે–એ રાગ.)

પૈસા દેખા ઓરત દેખી દેખી દુનિયા સારી,
સબ સ્વારથકા મેલા દેખા તો આયે દ્વાર તુમ્હારી,
પ્રભુ પારસ જિન મૈં સચ્ચા કહુ હું, મૈં તેરા નિર્મલ દરશન ચાચું,
અંતર હોવે સાચું, પ્રભુ પારસ જિન મૈં સચ્ચા કહુ હું. (૧)
મનમેં મનન આયા, દિલસે લગન લાયા, નૈનોમેં તેજ અવિકારકા,
સત્યકી શ્રદ્ધા દરશન ભિક્ષા માંગ રહા મૈં આજ,
સંસારી સુખ જૂઠા, ભેદ ભરમ સબ ફુટા, છોડ દીઆ ઈતબાર,
મુજ મન સારા, મૈંને પ્રભુ પાર્શ્વ બસાયા. (૨)

—મુનિરાજશ્રી રુચકવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સમુદ્ર–વહાણ સંવાદ

લેખાંક : ૬

લેખક:–પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય

ત્રણ દુહામાં વહાણે દેવને જે કહ્યું તે જણાવીને હવે વહાણે જેનું શરણ સ્વીકાર્યું છે તેનું વિશદ વર્ણન પન્દરમી ઢાળમાં છે.

શ્રી નવખંડ પ્રભુનું અમે શરણ લીધું છે ઘોઘામંડન પાર્શ્વજિનને અમે સ્વામી કર્યા છે. જે પ્રભુએ પોતાના દેહના નવ ખંડો નિજબળે–સ્વપ્રભાવે સાંધી દીધા છે, તે પ્રભુ મારા શરીરના ખંડો પણ મારી ભલી ભક્તિથી મેળવી દેશે. જેના દરબારમાં દેવો અને માનવો ખડે પગે ઊભા રહીને સેવના કરે છે. જેનું સ્મરણ કરવાથી તત્ક્ષણ સર્વ સંકટો દૂર થાય છે, એ સાહિબના પ્રબલ ભુજપ્રતાપે શત્રુ, હાથી, સિંહ, અગ્નિ, નાગ, પાણી, બન્ધન અને રોગ એ આઠે ભયો નાશ પામે છે. જેમનું ઝાકઝમાલ તેજ સૂર્ય સમું તપે છે, જેમનું નામ સિદ્ધપુરુષો, દેવો અને મુનિવરો સદાકાળ જપે છે. જેના ભક્તિભાવથી પતિતપાવન પ્રભુ રીઝે છે તેના દુઃખ દૂર કરવા અનેક દેવતાઓ ધસી આવે છે–દોડ્યા આવે છે. એવા સમર્થ સ્વામીનું મેં શરણ સ્વીકાર્યું છે એટલે હવે મારે બીજા કોઇની આશા કરવાની નથી. હાથમાં સાચું રત્ન મળી ગયા પછી કોણ એવો મૂર્ખ હોય કે જે પત્થરને લે? એ નીલ છબી નાથને યાદ કર્યા છે એટલે હવે હે દેવ! મારે લેશ માત્ર ભય નથી. આકાશમાં સૂર્ય ઊગ્યા પછી અન્ધારાનું શું જોર કે તે કાંઇ પણ કરી શકે? પ્રભુ મારા ચિત્તમાં વસ્યા છે એટલે મારે કોઇનો ભય નથી, માટે હે ઉદધિકુમાર! તમે જાવ. અમારે અને સાગરને મેળ કેવો! પ્રથમ તો અમે સાગરને કંઇક માનતા પણ હતા પણ હવે સદા સુપ્રસન્ન અને કદીયે રોષે ન ભરાય એવા સાહિબને અમે સેવ્યા છે એટલે સાગરને અમે દૂર કર્યો છે. આશા પૂરવાને સમર્થ એવા પાર્શ્વ પ્રભુ વિઘ્નની શ્રેણીને હરશે. અમે જગતમાં યશવાદ પામીશું. હવે અમને કોઇ આરતિ કે અરતિ રતિભાર પણ નથી. વહાણના આ આકીનને લીધે–વિશ્વાસને કારણે ધર્મના રક્ષક ગગનવાસી દેવો તુષ્ટ થયા ને આકાશમાં વિમાનો ભમાને અમ્બરથી પુષ્પ-વૃષ્ટિ વરસાવવા લાગ્યા. ગેબથી કહેવા લાગ્યા હે વહાણ! તું ધન્ય છે–તું ધન્ય છે. તારા સરખું જગમાં કોઇ નથી. સંકટ આવે ત્યારે પણ ધર્મ પર આવી દૃઢતા બીજા કોને રહે? વૈભવ આવે છકીને હરખાય નહિ, સંકટ આવે ત્યારે દુઃખથી ડરીને જરી પણ ચળે નહિ. રણસંગ્રામમાં ધીરતા ધારણ કરે એવા પુરુષો સંસારમાં વિરલા જ હોય છે. એ પ્રમાણે વહાણના વખાણ કરીને બધા ઉત્પાતોને દેવોએ શમાવી દીધા. ફરીથી સબળ સાજ બની આવ્યો. અને ઉજ્જવળ અવદાત–આચરણ થયા. જેની શ્રેષ્ઠ દેવો પણ રક્ષા કરે છે તેનો રીસ કે રોષ કરવો શા કામનો? એમ વિચારી સાગર પણ શાંત થઇને વહાણને પોતાના મસ્તકે ધારણ કરે છે. આમ પન્દરમી ઢાળ અને પાંચ દુહામાં વહાણને દેવોએ ઉગારી લીધું તે વર્ણવ્યું છે.

× × ×

વહાણની આપત્તિ ટળી ગઇ એટલે વેપારીઓ હર્ષે ભરાણા અને કરોડો કલ્લોલો–આનંદપ્રમોદ કરવા લાગ્યા અને ચિત્તમાં ઘણા રંગરેલ થયા. પ્રભુના નામથી–પાર્શ્વ પ્રભુના સ્મરણથી દુઃખ ટળ્યા અને સર્વ સુખસંયોગ મળ્યો. કેસરના ઘણા છાંટણાં કરીને ઝકઝોર કરી. દુઃખની રાત વીતી અને સુખ પ્રભાત પ્રકટ્યું એમ બધાને લાગ્યું. ગ્રીષ્મ ઋતુની માફક દુઃખરૂપ બફારો એ હર્ષની વૃષ્ટિને માટે થયો–એમ સૂચન જ કરતા હોય તેમ ધ્વજને બહાને આકાશમાં બલાકા–શ્વેત પક્ષીઓની હાર ફરકવા લાગી. કૂપ-સ્તંભો ફરી તૈયાર કરવામાં આવ્યા જાણે નાચના વાંસડા ઉભા કરવામાં ન આવ્યા એ પ્રમાણે તેની ચારે તરફ ખભા પર શ્વેત વસ્ત્ર ધારણ કરીને નાચનારીઓ નાચતી ન હોય એમ લાગતું હતું. ચારે દિશાએ શણગારેલો ચોસાલ-પટ મંડપ શોભતો હતો–જાણે જયલક્ષ્મીનો વિશાળ વિવાહમંડપ ખડો કર્યો ન હોય એમ જણાતું હતું.



For Private And Personal Use Only

કૂપસ્તંભના અગ્રભાગ ઉપર પાંજર શોભતો હતો ત્યારે તે એવો દેખાતો હતો કે ગગન તરુવરના અગ્રભાગે બેસીને પોપટ ક્રીડા કરી રહ્યો છે. નવનિધાન લક્ષ્મી આવી મળી. નવ ગ્રહો પ્રસન્ન થયા એવો ભાવ જણાવતા નાદ સઢ તાણ્યા કે જે જોઇને લોકોના મન મોહી જતા-ખૂશ થઇ જતા. બહુ લોકો રાચતા-માચતા નાચી ઉઠતા હતા. બધા પોતાના સાજ સજતા હતા. હર્ષના વાજાં વાગતા હતા. જાણે નવું રાજ્ય મળ્યું. મનોહર પટમંડપ મેઘાડમ્બર છત્રરૂપે શોભતો હતો અને બન્ને બાજુ ઉછળતા તરંગો ચામર વીંઝતા હોય એવા દીપતા હતા. એક સાગરની વેળ-ભરતી, બીજા માનવોની રંગરેલ અને ત્રીજી પવનની પ્રેરણા એ ત્રણે અનુકૂળ યોગને લઇને વહાણો પોતાના ગેલમાં આવી જઇને વેગપૂર્વક ચાલતા હતા. વહાણનો વેગ એટલો બધો વધી ગયો હતો કે જે જોઇને એમ લાગતું હતું કે પવનનો શિખડાવેલો વેગ બમણો કરીને પવનથી વધુ વેગે વહાણો આગળ વધતા હતા. એ લોકોના મનમાં વેગ વિદ્યા અતિ તેજ છે એમ અદ્ભુત મહત્તા ઉપજાવતું હતું. વહાણોને આવતા અવલોકીને ચારે દિશામાં મોટા મોટા કાચબાઓ ત્રાસી જતા હતા. એ જોઇને એમ થતું હતું કે આ વહાણવટી લોકોનું દારિદ્રય લજ્જા પામીને નાસી જાય છે એ પ્રમાણે બહુ આડંબરપૂર્વક વિલાસ કરતાં વહાણો આગળ ચાલ્યા અને પોતાનું ઇચ્છિત બંદર મેળવીને સુયશ અને ઉલ્લાસ પામ્યા.

બંદરે પહોંચીને વેપારીઓએ ત્યાં બજાર માંડ્યા. ત્યાં હજારો વેપારીઓ મળ્યા. જેમ એક હારમાં આવેલા દેવવિમાનો શોભે છે તેમ ત્યાં હારબંધ અજોડ હાટો શોભવા લાગ્યા. રત્નોની શ્રેણી ત્યાં ઘણી શોભતી હતી-જાણે લક્ષ્મીના હારની કાંતિ ન પથરાઇ હોય! સોનામહોરો તો ગણીગણાતી ન હતી અને રૂપામહોરોનો ત્યાં કાંઇ તૂટો જ નહતો. મહામૂલ્યવાળા મોતીઓ ત્યાં ગોઠવ્યા હતા તે એવા લાગતા હતા કે ન્યાય-વેલડીના પુષ્પો ઉતારીને ન પાથર્યા હોય! બાજુમાં મરકત મણિની હાર ગોઠવી હતી તે પુષ્પ પ્રત્યે ખેંચાઇને ભમરાની હાર ન આવી હોય એવી જણાતી હતી. ત્યાં સુંદર લાલ કાંતિ ફેલાતી હતી ને તેથી બજારની ભૂમિને જાણે લાલી ન આવી હોય એવી લાગતી હતી.-અથવા પગે અળતો ચોપડીને ત્યાં લક્ષ્મીદેવી પધાર્યા હતા તેનો લાલ રંગ ન હોય એમ જણાતું હતું. રત્નની પરીક્ષા કરવામાં કુશળ પુરુષો રત્નોની પરીક્ષા કરી કરીને બાજુમાં રત્નોનો મોટો ઢગલો કરતા હતા. નાણાવટીઓ નાણાંની પરીક્ષા કરીને એવા તો રેલાવતા હતા કે જાણે સુરગિરિથી નદીની રેલ આવી. કાપડના વેપારી-દોસીઓ વિવિધ દેશનગરના ઉંચા અને અનુકૂળ વસ્ત્રો રેશમી-સૂતર વગેરેના પટકુળો. ચીની, મસલ્જર, જર, બારૂં વગેરે પાથરતા હતા-તે દકૂલો એવા ચમકતા હતા કે જાણે પોતાના કિરણોથી સૂર્ય અને ચંદ્રને પણ છતવા ન નીકળ્યા હોય! સોનાના ઝીણાઝીણા તારોની મનોરમ ગૂંથણીવાળું પરિમલ યુક્ત પામરી વસ્ત્ર ત્યાં પ્રસાર્યું હતું તે જોઇને એમ જણાતું હતું કે-અહિં આ ભમરની આવલી ભિક્ષા માંગી રહી છે-તે કહે છે કે તમારામાં જેવી રોહણાચલની કાંતિ છે તેવી અમને આપો કે જેથી અમારા મન શાંત-ખાંતિવાળા થાય, જેમ વસંત કણિયાર-કણેરના ફૂલે શોભે તેમ મણીઆર મણિની માળાઓ માંડીને શોભતા હતા. સુરહિયા-સરૈયાઓ તેલ-ફૂલેલ પાથરીને રહ્યા હતા કે જેની સુવાસ આકાશમાં વિસ્તરી હતી. મનને બહેકાવી મૂકે-આકુળ કરી દે એવી કસ્તુરી તોળતા હતા કે જેની સૌરભથી ગૂંજારવ કરતાં ભમરાઓ પણ નિશ્ચલ થઇ જતા હતા. ત્યાં લીન-ડૂબી ગયેલા લોકો સમય ક્યાં જાય છે તે પણ જાણતા ન હતા. થોકના થોક લોકો જોવાને અને ખરીદવાને ઊમટ્યા હતા અને ભીડને લઈને શોર-બકોર કરતા જોરપૂર્વક આગળ વધતા હતા. કેસરની કાંતિ યુક્ત શરીર ધારણ કરીને જાણે કસ્તૂરી ધીરતા ધારણ કરીને પોતાના નીચપણાનો-શ્યામ-વર્ણનો દોષ ટાળતી ન હોય એમ લાગતું હતું. અને જો એ દોષ ટળે તો નિષ્કલંક એવી પોતાને જગત્ આદરે અર્થાત્

# સાચી શાંતિ કેમ મળે ?

લેખક : મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી

શાણી સુમતિ ભગવાન મહાવીરની વાણી સાંભળવા ગઈ હતી. એનો પતિ આત્મારામ બહાર ગયો હતો. એના બંને જુવાન પુત્રો તળાવમાં સ્નાન કરવા ગયા હતા.

સુમતિએ વ્યાખ્યાનમાં સાંભળ્યું: 'જ્યાં સંયોગ છે, ત્યાં વિયોગ છે. આત્મા સિવાય જગતની પ્રત્યેક વસ્તુ વિખૂટી પડે છે. આજે આપણે જેના માટે હસીએ છીએ તે જ વસ્તુ આવતી કાલે આપણને રડાવે છે. આનંદ અને શોક એક જ ત્રાજવાના બે પલ્લાં છે. અનંત સમાધિનો માર્ગ એક જ છે—મોહનો ત્યાગ! આ મોહનો ત્યાગ જન્મે છે આત્માની એકલતામાંથી!'

સુમતિએ આ ઉપદેશને પોતાની હૈયાની દાબડીમાં ઝીલ્યો. અને એનો જ વિચાર કરતી, એને જીવનમાં વણવા મથતી, એ ઘેર આવી ત્યારે સમાચાર મળ્યા: "એના નહાવા ગયેલા બંને દિકરા ડૂબી મર્યા છે. પહેલાં એક નહાવા પડ્યો, પડતાં જ એ કીચડમાં ખૂંચ્યો. એને કાઢવા બીજો દોડ્યો. પણ એ ખૂંચતો છોકરો બીજાને બાઝ્યો અને બંને ડૂબ્યા."

જુવાનજોધ બે દિકરા જાય તો કઈ માતાનું હૈયું શોકમાં ન ડૂબે? સુમતિના હૈયાના કટકે કટકા થવા લાગ્યા. એ શોકના ઝંઝાવાતમાં ઘેરાઈ ગઈ. એને મૂર્છા આવી, અને ધરતી પર એ ઢળી પડી. થોડી વારે એ મૂર્છા ઉતરતા એના હૈયા પર જ્ઞાનશબ્દો આવવા લાગ્યા: જ્યાંથી આનંદ આવે છે ત્યાં જ શોક હોય છે, અને એ શોકના તળિયામાં જ શાંતિ હોય છે. શોકને ઉલેચી નાખો, શાંતિ ત્યાં જ જડશે.'

સુમતિનો શોક ધીમે ધીમે ઉલેચાતો ગયો, અને એ ઊંડી ને ઊંડી ઉતરતી ગઈ, જ્યાં જીવનની પરમ શાંતિ હતી!

એણે પોતાના બંને પુત્રોના દેહને પથારીમાં પધરાવ્યા; એમના પર શ્વેત વસ્ત્ર ઓઢાડ્યું અને પતિની પ્રતીક્ષા કરતી, એ વિચારમાં ડૂબી ગઈ.

આત્મારામે ડેલીમાં પગ મૂક્યો. અને એનો આનંદ ઊડી ગયો. એને વાતાવરણમાં કાંઈક શોકની હવા લાગી. રોજ એ ઘેર આવતો ત્યારે એની પત્ની હસતા મુખે એનું સ્વાગત કરતી, પણ આજ તો એ ઉદાસ હતી. આત્મારામે પૂછ્યું:—

"કેમ? આમ ઉદાસ કેમ? શું થયું છે? તું તો જાણે ઘરમાં શોકનો સાગર લાવીને બેઠી છે."

"કાંઈ નથી. એ તો પાડોશી સાથે જરા કલહ થયો છે." શોકના ભારથી નમેલી પાંપણોને ઊંચી કરતાં સુમતિએ કહ્યું.

---

ત્યાં કેસર ને કસ્તૂરી સાથે સાથે રહીને ઉપર પ્રમાણે કલ્પના કરાવતા હતા. અંબર, ચંદન, અગર, કપૂર આદિના પરિમલના પૂર વહેતા હતા અને લાગતું હતું કે તેના ભારથી ભરાઇ ગયેલ ધરા ફરતી નથી—ચાલી શકતી નથી—સ્થિર થઇ ગઇ છે. અને ભમરો ગૂંજારવને બહાને આક્રંદ કરી રહ્યા છે. પૃથ્વી ફરે તો પોતાને ફરવાનો આનંદ મળે—પણ નથી થતું માટે વસાણાઓનો વિસ્તાર ખૂબ જ વિસ્તર્યો હતો કે જે કહેવા કે ગણાવવા જઇએ તો પાર ન આવે ને દેવલોકમાં પણ દુર્લભ છે એવી અનેક પારવગરની ચીજો અહિં પથરાએલી હતી. થોકબંધ લોકો જેમ સાગરમાં વેળ આવે તેમ આવતા હતા ને ગિરદીને લીધે એક બીજા છાતીથી છાતીએ ભીચડાઇ જતા હતા—જાણે દળાતા ન હોય તેમ. શુક્લપક્ષમાં જેમ સમુદ્ર વધતો જાય તેમ બજાર—સમય વધતો જતો હતો. વેપારીઓએ ખૂબખૂબ વેપાર કર્યો, મૂળ કિંમતથી સોગણો લાભ લીધો અને ત્યાં નીપજતા વસાણા વગેરેથી પોતપોતાના વહાણો ભરીને પોતાના ઘર તરફ ફરવાની તૈયારી કરી.

એ પ્રમાણે સોળમી ઢાળ અને ચૌદ ચોપાઇમાં વહાણોનું ઇચ્છિત બન્દરે પહોંચવું અને ત્યાં વેપારીઓએ વેપાર કરવો એ વર્ણવ્યું છે. (ચાલુ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મારામને આશ્ચર્ય થયું. સુમતિનો સ્વભાવ એ જાણતો હતો. આખું ગામ ગરમ થાય તો યે એની આંખમાં શીતળતાનો સાગર લહેરાતો હોય–એવી એ શાંત હતી. અને એવી જ એ શાણી પણ હતી. એણે ગભરાઇને પૂછ્યું: "એવું તે શું થયું કે તારે કજિયો કરવો પડ્યો?"

'કાંઇ નહિ, આઠ દિવસ પર આપણા સંબંધીને ત્યાં લગ્ન હતાં ત્યારે હું પડોશીને ત્યાંથી બે રત્નકંકણ પહેરવા લાવી હતી, આજે એ માગવા આવ્યા. મેં ન આપ્યાં એટલે બોલવું થયું અને કલહ વધ્યો.' સુમતિ આટલું ધૈર્યતાપૂર્વક બોલી ગઇ પણ એના અવાજમાં વિષાદની છાયા હતી.

'તું યે ખરી છો. પારકાં કંકણ ક્યાં સુધી રખાય? એનો માલિક માગવા આવે ત્યારે આપી દેવાં જ જોઇએ ને! તારા જેવી શાણી સ્ત્રી આવી વાત પર કલહ કરે તો થઇ રહ્યું ના! કોઇ જાણે તો યે હસે એવી વાત છે. જા, જા, જલ્દી દઇ આવ.' એને ઊભી કરતાં આત્મારામે મીઠો ઠપકો આપ્યો.

'જરા ઊભા તો રહો. તમે એ આપી આવવાનું તો કહો છો, પણ મને એ કેટલાં ગમે છે! મારું મન એમાં કેટલું રમે છે; એ તમે જાણો છો? કેવાં સુંદર એ રત્નકંકણ છે! એનો ઘાટ, એની ઝીણી ઝીણી કારીગરી–જેની જોડ ન જડે! અને એનાં રત્નો પણ કેવા તેજસ્વી છે? નાથ, મને તો એ પાછા આપવાનું જ મન નથી થતું. થાય છે, રાખી લઉં. પછી 'થવાનું હશે તે થશે. કજિયો તો કજિયો!" આટલું કહેતાં કહેતાં તો સુમતિનું હૃદય ભરાઇ આવ્યું. એની પાસે જ્ઞાન હતું છતાં વિષાદ કાંઇ ઓછો ન હતો!

"પણ આજે તને થયું છે શું? તું પાગલ તો નથી થઇને! અરે, તું આ શું બોલી રહી છે? જે વસ્તુ પારકી છે તે કેટલા દિવસ રખાય? એના પર મમતા કરવી, એને પોતાની માનવી અને "મારી" કહી શોક કરવો એ અજ્ઞાનતા નહિ તો શું છે? પારકી વસ્તુ તો જેમ વહેલી અપાય તેમ સારું." શિખામણ આપતાં આત્મારામે કહ્યું.

સુમતિ ઊભી થઇ. એણે પતિનો હાથ ઝાલ્યો, એનો હાથ ધ્રૂજતો હતો. એને તમ્મર આવી રહ્યાં હતાં. એની છાતી પર ભાર હતો, પણ શ્રમણ ભગવંત મહાવીરના જ્ઞાનના બોલ એના આત્માને આશ્વાસન આપી રહ્યા હતા. એ પતિને અંદર દોરી ગઇ.

ફૂલ જેવા પોતાના બે બાળકોના મૃત દેહ પર ઓઢાડેલું શ્વેત વસ્ત્ર એણે ઊંચક્યું અને જ્ઞાનના પ્રકાશથી પ્રબુદ્ધ બનેલી સુમતિએ કહ્યું: "નાથ! આ આપણા બે રત્નકંકણ, એક સોળ વર્ષનું, બીજું વીસ વર્ષનું. આજ સુધી આપણે એમને રાખ્યાં, સાચવ્યાં, પણ આજે એમનો સમય પૂરો થયો અને એમણે એમનો માર્ગ લીધો. આપણે એમના ન હતા. એ આપણા ન હતા. થોડા સમય માટે આપણને એ મળ્યા હતા. હવે એમને નિસર્ગના ખોળામાં ધરવા એ આપણું કર્તવ્ય છે. એની પાછળ શોક અને રુદન વ્યર્થ છે. ગયેલી વસ્તુ આંસુથી પણ પાછી વળતી નથી. મૌનની શાંતિમાં આપણે એમને વિદાય આપીએ."

આત્મારામ તો આ જોઇને ત્યાં જ ઢગલો થઇ ગયો. થોડી ક્ષણ માટે ત્યાં ગંભીર સ્તબ્ધતા છવાઇ ગઇ. ઘરમાં, હવામાં, વાતાવરણમાં બધે જ સ્તબ્ધતા હતી. અંતે એ પિતાની આંખમાં આંસુનું પુર ધસી આવ્યું. એણે આંસુના પડદામાંથી જોયું તો સુમતિની આંખમાં પણ બે મોતી જેવા આંસુ હતા; પણ એના પર જીવનની ઊંડી સમજણનાં ઉજ્જવળ કિરણો પ્રકાશી રહ્યાં હતાં.

બાળકોના જીવનમાં ઉત્તમ સંસ્કારો રેડવા માટે

**સંસ્કારનું વાવેતર**

લખો:–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

અવશ્ય મંગાવો

મૂલ્ય : ચાર આના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાવધાન ! મહાપર્વ આવે છે

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

જગતમાં અનેક પર્વો આવે છે. આનંદ-પ્રમોદના પ્રસંગો ઉપસ્થિત થાય છે. ખાણીપીણી અને લોલુપતાના પ્રસંગો ઉત્પન્ન થાય છે. રાષ્ટ્રીય પર્વો આવે છે અને રાષ્ટ્રપ્રેમ ઉભરાવા માંડે છે. તેમ જ સામાજિક પર્વો પ્રસંગે સંગઠન, પ્રેમવૃદ્ધિ અને ચાલુ પ્રથાઓમાં ફેરફારો કે સુધારાવધારા થઈ દેશ-કાલાનુકૂલ મૂલ્યાંકનો થઈ અનિષ્ટોની નિવૃત્તિ અને ઇષ્ટ આચારોની સ્થાપના કરાય છે. જૂને ચાલે ચાલી સ્થગિત થઈ ગએલાઓની કાલચક્ર સાન ઠેકાણે લાવી મૂકે છે. જગત એ પરિવર્તનશીલ હોવાથી દેશકાલને અનુસરી દરેક ચાલ કે રીતમાં ફેરફારો ચાલ્યા જ કરે છે. અને લોકપ્રવાહ કાલાનુમાર્ગે વહ્યા જ કરે છે. કેટલાએક ઋતુ કે અહણ તિથિ ઉત્પન્ન થતા પર્વોને ધાર્મિકતાનું સ્વરૂપ આપી દેવાને લીધે વિસંવાદી વાતાવરણ ફેલાય છે. અને યોગ્ય માર્ગને પણ અનિષ્ટ વલણ અપાઈ ગયાના દાખલાઓ બને છે. તે સિવાય કેટલાએક પુરુષોની જન્મતિથિ કે પુણ્યતિથિ ઉજવાય છે અને તે તે પુરુષોનું પુણ્યસ્મરણ કરાય છે. એ કાર્યમાં પણ દેશકાલે પોતાનો હાથ ફેરવ્યો જ છે. એ કાર્યને પણ પ્રથા ને પ્રાસંગિક શુષ્ક રૂપ અપાતું ગયું છે.

આ તો બધી પ્રવૃત્તિ ધર્મેતર પર્વોની છે. એમાં જો કે ધ્યેયવાદ તો જરૂર છે જ. આત્મબળ કેળવવાની એમાં તાકાત સમૂળગી નથી જ એમ કહી ન શકાય. એમાં એકાંત આત્મિક ધર્મભાવના નહીં હોવાને લીધે એ સર્વથા ધર્મ કે આત્મપર્વો મનાતા નથી. જૈનધર્મના હાર્દ તરીકે અહિંસા, સંયમ અને તપને અનુસરી કરાતા અનુષ્ઠાનો એ જૈનપર્વોનું મૂળ છે. જૈનધર્મની સંસ્કૃતિ એ શ્રમણ સંસ્કૃતિના નામે ઓળખાય છે. એ સંસ્કૃતિને અનુસરીને જ પર્વોની રચના કરવામાં આવેલી છે. પ્રવૃત્તિ પણ નિવૃત્તિને અનુસરીને જ કરવાનું એમાં વિધાન હોય છે.

અહિંસાનું તત્ત્વ અમલમાં લાવવાનું હોય તો મનુષ્યને વિનય અને નમ્રતા ધારણ કરવી પડે. અને જગતમાં કોઈ પણ મનુષ્ય તો શું પણ પ્રાણીમાત્ર માટે મૈત્રીની ભાવના કેળવવી પડે. નિર્વેરવૃત્તિ કેળવવી પડે. અહિંસામાં ફક્ત કોઈ જીવને મારવો નહીં એટલી જ કલ્પના અભિપ્રેત નથી પણ કોઈપણ જીવ માટે મૈત્રી અને કારુણ્યની ભાવના જ હોવી જોઈએ. અહિંસાનું તત્ત્વ અમલમાં મૂકનાર કોઈ પણ મનુષ્ય પોતાના જીવનમાં ઈર્ષ્યા, દ્વેષ, મત્સર કે ક્રોધ, માન, માયા કે લોભને આધીન થાય જ નહીં. એ બધા જ આત્માને નીચે લઈ જનારા કુવિચારોને દૂર કરે તો જ અહિંસાનું તત્ત્વ એના સાચા રૂપમાં અમલમાં મૂકી શકે. જૈનત્વનું બીજું આવશ્યક કૃત્ય સંયમ પાળવામાં આવી જાય છે. સર્વથા નિવૃત્તિ મેળવી સંયમી જીવન આચરણમાં મૂકવું એ વસ્તુ દરેક મનુષ્ય માટે શક્ય નથી. એમ તો સંયમી જીવન અંગીકૃત કરી ફરનારા પણ ઘણી વખતે સંયમથી વિપરીત વર્તન કરી બેસે છે. સંયમ એટલે સર્વથા ત્યાગી બનેલા માનવો માટે જ અનામત રાખેલી વસ્તુ નથી. દરેક સામાન્ય ગણાતા માણસે પણ એ વસ્તુ આચરવા યોગ્ય છે. અને ધર્મનું એ અનિવાર્ય અંગ છે.

સંયમ અનેક મનુષ્યની ઉચ્છૃંખલ થતી વાસનાઓને તાબામાં રાખી તેને પોતાના ઉન્માદથી રોકવી. અનેક વખત એવા પ્રસંગો બને છે કે-મનુષ્ય પોતાની મનોવૃત્તિને છૂટી મૂકે છે અને પરિણામે હાથે કૂકર્મો થઈ જાય છે. ક્રોધને આધીન થઇ જવાથી ઘણાઓને દુભાવે છે. માનમાં આવી પોતાની મર્યાદા ભૂલી પોતે જ અપમાનને પાત્ર થઇ જાય છે. કામને વશ થઈ નહીં આચરવા યોગ્ય આચરણ કરી પોતાને પાપનો ભાગીદાર બનાવી દે છે. અને અહંભાવને તાબે થઇ પોતાની ઉન્નતિનો માર્ગ જ રૂંધી નાખે છે. મતલબ કે, સામાન્ય સંસારી મનુષ્યે પણ આવા આવા પ્રસંગે મર્યાદા જાળવી સંયમ કેળવવો જોઈએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંયમને નહીં સ્વીકારનારા પોતાની અહિંસાને અપરંપાર હાનિ પહોંચાડે છે. અનેક કર્મબંધનો કરી નરકાદિ ગતિના ભોગ બને છે. એટલા માટે જ સંયમ કેળવવો એ આત્માની ઉન્નતિનો અનિવાર્ય ભાગ છે, એમ ગણી તેને ઉત્તેજન આપવું જોઇએ. પર્યુષણ પર્વ એ કાર્ય કરવા માટે અત્યંત અનુકૂલ સમય છે. આત્મચિંતન માટે એ અપૂર્વ તક છે આપણે કયાં ભૂલીએ છીએ તેનો તોલ કાઢવા એ સમય જેવો અનુકૂલ સમય બીજો નહીં મળે. આપણી ભૂલો આપણે જ સુધારી લેવાનો અને ફરી એવી ભૂલ ન થાય તે જોવા–તપાસવાનો એ અત્યંત સમુચિત પ્રસંગ છે. આપણા સ્વભાવમાં કયો એવો દુર્ગુણ પેસી ગયો છે કે. જેથી આપણે સારી પેઠે સંયમ કેળવી શકતા નથી. એ વિચાર આવતા કાંઇ ને કાંઇ માર્ગ નિકળી આવવાનો જ. પ્રતિક્રમણનો હેતુ એ જ છે. સંભવિત બધા જ દોષોનું એમાં ઉચ્ચારણ થાય છે. એમાંનો કોઇ દોષ મારે હાથે નથી થયોને? એનો અનાયાસે વિચાર સ્ફુરે છે અને યથાશક્ય તેવા દોષો દૂર કરવાનો વિચાર આપણને સ્ફુરે છે, માટે જ પર્યુષણ પર્વમાં અનાયાસે સોનેરી તક આપણી સામે આવી ઊભી રહે છે. તેનો આપણે લાભ ઉઠાવી આત્મનિરીક્ષણ કરી આપણા વિચારોમાં અને આચારોમાં આપણા આત્મા સાથે સંયમનો મહાન્ ગુણ વણી લેવો જોઇએ.

ત્રીજો જૈનત્વનો ગુણ તપનો છે. જૈન શાસ્ત્રોમાં તપનું અત્યંત મોટું માહાત્મ્ય વર્ણવેલું છે. અને તે યોગ્ય જ છે. કારણ એ ધર્મ તત્ત્વનું પ્રત્યક્ષ સાધન અને કાર્ય પણ છે. પોતાની વાસના અને લોલુપતા ઉપર સીધો જ જય મેળવવાનું એ અત્યંત અમોઘ સાધન છે. જૈન શાસ્ત્રકારોએ તપના બાર પ્રકારો બતાવી નાના કે મોટા, સશક્ત કે અશક્ત, સ્ત્રી પુરુષ એ બધાઓનો તેમાં અવકાશ રાખેલો છે. યથાશક્તિ તપ કરવો એ અત્યંત આવશ્યક અને અનિવાર્ય વસ્તુ હોવાથી એ માટે કોઇને આનાકાની કરવાનો માર્ગ જ નથી. તેમાં પણ પર્યુષણ પર્વમાં અઠ્ઠમ તપનું મહત્ત્વ સવિશેષપણે કહેલું છે. તપ શબ્દનો અર્થ જ એવો થાય છે કે, તપવું અને શરીરમાં અત્યંત ઉપકારક એવી ઉષ્ણતા ઉત્પન્ન કરવી. એ ઉષ્ણતાથી કાયાને પોતામાં ઉત્પન્ન થએલા અનિષ્ટ દ્રવ્યોનો નાશ કરવાનો અવકાશ મળે છે. મન ઉપર તેની ઊંડી અસર થાય છે અને સ્વાભાવિક રીતે જ આત્માને શુદ્ધ થઇ પોતાની ઉન્નતિ કરવાની સાધના પ્રાપ્ત થાય છે, માટે જ પર્યુષણ જેવા મહાપર્વમાં યથાશક્તિ તપ કરવો એ આવશ્યક વસ્તુ છે. યથાશક્તિ એ શબ્દનો અર્થ એવો થાય છે. જેમ અતિરિક્ત તપ કરવું નહીં જોઇએ તેમ શક્તિ ગોપવવી પણ નહીં જોઇએ. બાલ, વૃદ્ધ અને રુગ્ણ અથવા અશક્ત મનુષ્ય અલ્પ તપ કરે તે ચાલે, પણ શક્તિસંપન્ન માણસે વધુ તપ કરવું જ જોઇએ.

પર્યુષણ પર્વના આઠે દિવસ સાંસારિક કાર્યોથી પૂર્ણ નિવૃત્તિ મેળવી ધર્માનુષ્ઠાનોમાં જોડાઇ જવું જોઇએ. આઠે દિવસ પરમકૃપાળુ શાસ્ત્રકારોએ જે વિધાનો કરવા ઉપર ભાર આપ્યો છે, તે કાર્યો અવશ્ય કરવા જોઇએ, અન્ય દિવસોમાં પ્રમાદવશ કે બીજા સાંસારિક કારણોને લીધે જે કાર્યો કરી શકયા ન હોઇએ તે પર્યુસણના દિવસોમાં અવશ્ય કરવા જોઇએ.

દેવપૂજન, મંદિરોમાં મહોત્સવ, શાસ્ત્રશ્રવણ, અઠ્ઠમ આદિ ઉપવાસોનું તપ. ચૈત્યપરિપાટી આદિ જે જે વિધાનો શાસ્ત્રકાર મહારાજોએ બતાવેલા છે તે અવશ્ય કરવા જોઇએ. ગામમાં અનેક મંદિરો હોય અને દરેક મંદિરમાં આપણે નિત્ય નહીં જઇ શકીએ ત્યારે પર્યુસણમાં અને પર્વની પૂર્ણાહુતિ વખતે તો દરેક મંદિરમાં દર્શન કરવા જોઇએ. દાન, શીલ, તપ અને ભાવના રૂપમાં વિશેષે કરીને ધર્મની આરાધના કરવી જોઇએ.

હાલના જમાનામાં પ્રવૃત્તિ અત્યંત વધી ગઇ છે. વર્ષામાં પણ પ્રવાસ બંધ રાખવાની જરૂર રહી નથી. વેપારમાં પણ ચઢઉતાર ચોમાસાના દિવસોમાં થંભી જતો નથી. અન્ય ઋતુઓની પેઠે વર્ષાકાળમાં પણ પ્રવૃત્તિ ચાલુ જ રહે છે. આમ વરસમાં એકે દિવસ નિવૃત્તિ ન મેળવી શકીએ અને પ્રવૃત્તિમાં જ મગ્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એ શ્રાવક–દંપતી

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

મહાપર્વ પર્યુષણ આવી રહ્યા છે એ ટાણે શ્રાદ્ધ સમુદાયમાં જાતજાતની ભાવનાઓ, સાગરમાં મોજાં ઉછળે તેમ ઉછળવા માંડે છે. કોઈ તપકરણીના મનોરથ સેવે છે તો બીજા વળી દાનની દિશામાં ડગ ભરવાનો નિર્ધાર કરે છે. દાન, શિયળ, તપ ને ભાવનારૂપ ગૃહસ્થો માટેના ખાસ કર્તવ્યોમાં રોજ કરતાં કંઈ ને કંઇ પ્રગતિ દાખવી, આત્મશ્રેયના માર્ગમાં જમે પાસું સદ્ધર બનાવવાના સૌ કોઈને કોડ હોય છે આવી સુંદર વ્યવસ્થાવાળા જૈન સમાજમાં પર્વના આઠ દિવસો ખરેખર મહામૂલા ગણાય છે એટલું જ નહીં પણ એ દિવસોમાં ભાગ્યે જ એવી કોઈ વ્યક્તિ નિહાળવાની મળે કે જેના દિલમાં ધર્મ-કરણી માટેની ઊર્મિ ઉછાળા ન મારતી હોય.

વર્ષાકાળ જેમ ખેડૂતો માટે વાવણીનો કાળ મનાય છે તેમ એ ઋતુમાં આવતું આ મહા-પર્વ શ્રદ્ધાળુ વર્ગ માટે કંઇ ને કંઇ પરભવ માટેના પાથેયને તૈયાર કરવાનો, રોજના ક્રમ કરતાં એ દિનોમાં વધુ લાભ હાંસલ કરવાનો યોગ નેત્ર સામે ખડો કરે છે. વિચારણીય એટલું જ છે કે એ તકનો સારી રીતે લાભ કેવી રીતે ઉઠાવવો.

અઠ્ઠાઈધરના વ્યાખ્યાનમાં કે શ્રી કલ્પસૂત્રના શ્રવણમાં જે પાંચ કર્તવ્યો મુખ્ય બતાવ્યા છે એમાં આજના દેશકાળને અનુલક્ષી કહેવામાં આવે તો,–સ્વ અને પરને લાભદાયી નિવડે એવા માપથી જોવામાં આવે તો,–અગ્રપદ સ્વામીવાત્સલ્યને આપવું પડશે. ભાગ્યે જ એમાં બેમત હોઈ શકે. ભગવંતે તર્કના કાંટે તોલન કરતાં એક તરફ એને રાખી બાકીના સર્વને બીજી બાજુ રાખ્યા છે. અર્થાત્ એનું મહત્ત્વ અતિ વધારી દીધું છે. વિચાર કરતાં, અને જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિ નિહાળતાં, એ પાછળનું રહસ્ય ઝટ ગળે ઉતરી જાય તેમ છે. દુનિયામાં બીજા સંબંધો મળવા દુર્લભ નથી, પણ સમાન-ધર્મીપણું પ્રાપ્ત કરવાનો યોગ તો જવલ્લે જ

---

રહીએ ત્યારે નિવૃત્તિ મેળવવી તદ્દન અશક્ય થઇ જાય છે; માટેજ અમો સૂચવીએ છીએ કે આ મહાપર્વના દિવસોમાં તો ધર્માગધન અવશ્ય કર્તવ્ય હોવાથી ફરજીયાત નિવૃત્તિ મેળવવી જ જોઈએ. મનુષ્ય માંદો થાય છે અને વૈદ્યની સલાહથી અને ઔષધીથી સ્વાસ્થ્ય મેળવે છે ત્યારે વૈદ્ય તેને અમુક દિવસ સુધી વિસામો લેવાની સલાહ આપે છે અને તેવી ફરજ પાડે છે. આપણે તો ભવરોગમાં ગ્રસ્ત થઈ ગએલા છીએ, માટે આવી નિવૃત્તિ મેળવી, આત્મનિરીક્ષણ કરી આત્મસંશોધન કરવું જ જોઇએ, એ અવસર ચૂકવો નહીં જોઇએ.

આત્મસંશોધન અને આત્મોન્નતિ એ સ્થૂલ દેખાનારી વસ્તુ તો છે નહીં. આત્માનું સુખ તો અનુભવગમ્ય હોવાથી પ્રત્યક્ષ નરી આંખે જોઇ ન શકાય, પણ તેનું મૂલ્ય મોટું છે એ નક્કર સત્ય છે. પર્યુષણમાં એ અનુભવ ઘણાઓને થાય છે. એ સાક્ષાત્ વાત છે. કેવળ બુદ્ધિવાદીઓએ શાબ્દિક વાદ કરવા કરતા એ અનુષ્ઠાનો કરી જોવા જોઇએ. અને સાથે સાથે કાયા, વાચા અને મનનો મેળ સાધી ભાવપૂર્વક એમાં જોડાવું જોઇએ એટલે જ તેનો સ્વાદ અને આનંદ મળે તેમ છે. આત્મિક ઉન્નતિ એ બીજી કોઈ વસ્તુ નહીં પણ આપણને આપણામાં મનઃશાંતિ કેટલી વિકસી, સરળતા, ઋજુતા કેટલી આવી એનો અનુભવ એજ મુખ્ય વસ્તુ છે.

દરેક બંધુ ભગિનીને આ પર્વમાં આત્મિક જાગૃતિ આવે, એમનો આત્મા કર્મના ભારથી કાંઇક રાહત મેળવે અને પોતાનું જીવન સુખસમૃદ્ધિપૂર્ણ થાય એ જ અભ્યર્થના !



For Private And Personal Use Only

આવે છે. એનો યથેચ્છ લાભ ન લેવાય તો ખરેખર માનવભવ હારી જવા જેવું જ લેખાય.

શિયળ, તપ અને ભાવનામાં પ્રગતિ સાધવાનું વ્યક્તિગત ને મર્યાદિત કક્ષામાં રહેવાનું પણ દાન તો ઉભય લાભદાયી ગણાય છે. દેનાર અને લેનાર બન્નેને આનંદકારી છે. અભયદાન જેમાં મુખ્ય છે એવા પાંચે પ્રકાર આ ભવ ને પરભવમાં આત્માની ઉત્ક્રાંતિ દેખાડનાર છે. અભયદાનમાં જ્ઞાનદાનનો સમાવેશ થાય છે. અહીં એનું લંબાણુ વર્ણન અસ્થાને છે. કહેવાનું એટલું જ છે કે એ મહાગુણને આગળ રાખી તીર્થંકર દેવોએ, ગણધર મહારાજોએ, પૂર્વાચાર્યોએ અને ઉદાર દિલ લક્ષ્મીવંતોએ જૈન શાસનનો પાયો પાકા ચણતરે ચણ્યો છે. એ કારણે કળાના ધામ સમા રમણિય દેવાલયો, પર્વતની ટોચ સોહાવતા તીર્થો અને વિવિધ પ્રકારી જ્ઞાનથી સભર ગ્રંથભંડારો આપણને ભારતના ચારે ખૂણે જોવાના વારસામાં મળ્યા છે.

લાખો આત્માઓના અજ્ઞાન અંધકાર એ દ્વારા ઉલેચાય છે, અને જ્ઞાન-રવિના પ્રેરણા પાતા કિરણોથી તેઓના અંતરમાં પ્રકાશની જ્યોત ઝળહળી ઉઠે છે. અઢી હજાર વર્ષો લગભગ, છેલ્લા તીર્થપતિને થવા આવ્યા, છતાં શૃંખલાબદ્ધ ઇતિહાસ અને જે પ્રણાલિકા ચાલી આવે છે એ સર્વમાં મહત્ત્વનો ભાગ ભજવનાર વર્ગ સ્વામીભાઇનો જ છે. ધર્મનો ટકાવ ધર્મીવડે જ થાય છે. જ્યારે સર્વ વાતે જનતા સુખી હતી, ત્યારે સ્વધર્મી બંધવ પ્રત્યેની ભક્તિ દાખવવાનું સાધન જમણ આપવામાં રહેલું હતું. એ વેળા નહોતું જોવાપણું ઓસવાળ કે પોરવાડના ભેદમાં કે નહોતી જોવાતી પ્રચલિત જ્ઞાતિ એક જ જોવાતું કે હું જે ધર્મ પાળું છું તે જ ધર્મ એ પણ પાળે છે; અર્થાત્ મારી માફક સામી વ્યક્તિ પણ વીતરાગમાર્ગની અનુયાયી છે. એને જમણનું આમંત્રણ અપાતું અને સૌ સાથમાં બેસી ભોજનનો આનંદ માણતા. ધર્મનો મુદ્દો અગ્રપદ ભોગવતો. એને બદલે હાલ તો નવાને અપનાવવાની વાત તો દૂર રહી, જૈનધર્મ સ્વીકારે તો વ્યવહારિક સગવડો આપી પોતાનામાં ભેળવી લેવાની વાત પણ દૂર ગઇ, અને જે સમાનધર્મી મોજુદ છે એ તરફ ભક્તિથી નજર કરવાનો મુદ્દો પણ લગભગ લોપ થયો છે. કેટલાક સ્થળે એક ટંકનું જમણ આપી, સ્વામીવાત્સલ્ય કર્યાનો આનંદ માની લેવાય છે. નથી તો એના સુખદુ:ખમાં સહભાગી થવાનું કે નથી તો એના રોજના નિભાવમાં કેવી દશા વર્તે છે એમાં ઊંડું અવગાહન કરવામાં આવતું. માત્ર સાત રૂપરડી આપનાર ઘીના વેપારીનું નામ સૌપ્રથમ લખનાર મંત્રીશ્વર ઉદાયન કે સાવ સામાન્ય પોશાક પહેરી દુકાળમાં એકલા હાથે અન્ન પૂરું પાડનાર ખીમા દેદરાણી જેવા દીર્ઘદૃષ્ટિ પૂર્વજો આજે શોધ્યા જડે તેમ નથી. ત્યાં જગડુશાહ કે ભામાશાહના તો સ્વપ્ન લાવવા જ રહ્યા.

આજે નામના કારણે હજારો ખરચનારા, લગ્ન નિમિત્તે સેંકડો વિના વિચારે ઉડાડી દેનારા શ્રીમંતો જૈન સમાજમાં છે. તેઓ સ્વામીવાત્સલ્યની પાછળ સમાયેલ ઉમદા હાર્દને સમજે તો, જૈન સમાજના મધ્યમવર્ગનો સિતારો ફરી જાય. આજે એક ટંકના ભોજનની જરૂર નથી. એ જ રીતે બીજા આડંબરો કે જેનો લાભ સ્વામીભાઇને મળતો નથી એવાની પણ ખાસ આવશ્યકતા નથી. જરૂર છે એક વાત વિચારવાની કે મારા વ્યયની રકમમાંથી મારા સ્વધર્મી બંધુના હાથમાં કેટલી ગઇ. એ વિચારવાનું મૂકી દીધું ત્યારથી અનુયાયી વર્ગમાં ઓટ આવ્યો છે. અણમૂલા વારસામાંથી ઘણું ગુમાવ્યું છે. એમ થવાથી રમણિય દેવાલયો હોવા છતાં પૂજકો રહ્યા નથી! શિલ્પ-સ્થાપત્યના ધામો છતાં કોઇ જોનાર નથી! સાહિત્યનો ભંડાર ભરપૂર હોવા છતાં એને સંભાળનાર નથી! અને વસ્તી ગણત્રીનો દશકો અન્ય કોમોને વૃદ્ધિનો આંક દેખાડે છે ત્યારે આપણને હ્રાસનો! આપણે જે વિકૃત

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમાપનાનું મહાપર્વ—શ્રી પર્યૂષણા પર્વ

લેખક : મુનિરાજશ્રી રુચકવિજયજી મહારાજ

આત્માના કલ્યાણને માટે નજદિકના સમયમાં ક્ષમાપનાનું મહાપર્વ શ્રી પર્યુષણા પર્વ આવી રહેલ છે. આ મહાપર્વને અનેકવિધ યોજનાઓ દ્વારા ઉજવવાની યોજના મહાજ્ઞાનીઓએ કરી છે. એમાં ક્ષમાપના નામના કર્તવ્યને પણ મહત્ત્વનું સ્થાન મળેલું છે.

ક્ષમાપનાના કર્તવ્યના આચરણમાં કષાયોથી ઉપશમવાનું હોય છે. કષાયોથી ઉપશમવાને માટે વિષયોથી વિરામ પામવું અનિવાર્ય બને છે. વિષયો જ્યારે મન–બુદ્ધિ ઉપર પોતાની કાતિલ પક્કડ જમાવે છે, ત્યારે કષાયો પવનવેગે ઉછળી પડે છે અને ઉછળી પડેલા કષાયો જીવનમાં અનેક પ્રકારના કડવા–કષાયલા રંગની ઉપસ્થિતિ કરી દે છે. આવા સમયે આત્માની હાલત બહુ દુઃખભરી હોય છે જે આત્માને પોતાને પણ ગમતી હોતી નથી, તો બીજાને તો કેવી રીતે પસંદ પડે ?

જૈન શાસનમાં, કષાયોથી ઉપશમવાની પ્રક્રિયાનો અમલ હંમેશા કરવાનો હોય છે. કારણ કે આત્મા સૂક્ષ્મ રીતે પણ હંમેશા કષાયોથી ભર્યો ભર્યો રહે છે. કેવળ દૈહિક જીવન જ એવું હોય છે કે એ જીવનમાં કષાયો અને વિષયોનું સામ્રાજ્ય જ પ્રવર્તી રહેલું હોય છે. જ્યારે આમ હોય ત્યારે કષાય વિનાનો આત્મા ક્યારે હોય ? કે જેથી તેને ઉપશમાવવાની જરૂર ન પડે. આથી કષાયોથી ઉપશમવાની પ્રક્રિયાનો અમલ હંમેશાં કરવાનો હોય છે. આમ છતાં કષાયો અને વિષયોના એકછત્રી સામ્રાજ્યમાંથી આત્મજાગૃતિનો જેમને હંમેશા અવકાશ ન મળ્યો હોય તેઓ પંદર દિવસે પણ આત્મજાગૃતિ મેળવી

---

દૃષ્ટિ ગ્રહણ કરી છે એમાં ફેરફાર કરવા સારુ શ્રી કલ્પસૂત્રમાં આવતું એક જ ઉદાહરણ વિચારવાની સૌ કોઈને ભલામણ છે. એ શ્રાવક–દંપતી જેટલું સમજ્યા હતા એટલું આપણે સમજીએ તો વર્તમાન દશામાં સહજ પલટો આવે. જેમ તેમનું કામ થયું તેમ આપણું કાર્ય પણ સિદ્ધ થાય.

જિનદાસ શ્રેષ્ઠી અને તેમની સાધુદાસી નામે પત્ની. ઉભય વ્રતધારી. ગૃહસ્થ જીવન એવા સુંદર પ્રકારે જીવતાં કે તેની અસર તિર્યંચ એવા વૃષભયુગલને થઈ. એ મૂક પશુઓ પણ વ્રત પાલન કરવા લાગ્યા. દંપતીએ એ ઉભય બળદોને પોતાના સ્વામીભાઈ તરીકે સ્વીકાર્યા. એકાદ સ્વધર્મી બંધુની જે રીતે સગવડ સાચવે એવી તે પશુયુગલની સંભાળ થવા માંડી. ધર્મગ્રંથ વાંચન દ્વારા તેમના કર્ણમાં વીતરાગની વાણી જવા લાગી. પરિણામ એ આવ્યું કે–તેઓ શુભ ધ્યાનમાં મૃત્યુ પામ્યા અને દેવલોકમાં ઉપજ્યા. ધર્મના સંસ્કાર પામેલા એ શંબલ–કંબલ નામના દેવોએ છદ્મસ્થ અવસ્થામાં વિચરતાં જ્ઞાતપુત્ર શ્રી વર્ધમાનસ્વામીને મરણાંત ઉપસર્ગમાંથી બચાવ્યા. સંખ્યાબંધ અન્ય માનવો પણ એ રીતે બચી ગયા. ધર્મના સંસ્કારને પામેલ, એ જીવોએ ઉપજતાં જ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો અને શાસનસેવા બજાવી. આ નાનકડી વાત ઓછી અર્થગંભીર નથી. સાંભળ્યા પછી અમલી બને તો જ સાંભળ્યું લેખે ગણાય.

તિર્યંચને સ્વધર્મી ગણી અપનાવનાર એ દંપતી એક જ બોધ આપે છે કે આજની વિષમવેળાએ જો કોઈ સર્વશ્રેષ્ઠ કાર્ય હોય તો સ્વામીવાત્સલ્યની સાચી દિશા પારખવાનું–એ અર્થે પ્રત્યેક સંઘે માંડવગઢનું દૃષ્ટાંત નજર સામે રાખી પોતાના આંગણે તંત્ર ખડું કરવાનું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે તો પંદર દિવસે પણ કષાયોથી ઉપશમવાની પ્રક્રિયાનો અમલ કરી શકાય છે. જેઓ પંદર પંદર દિવસે પણ આત્મજાગ્રતિ મેળવી શકતા ન હોય અને એથી પંદર પંદર દિવસે પણ કષાયોથી ઉપશમવાનું બની શકતું ન હોય તેઓ જો ચાર મહિને પણ આત્મજાગ્રતિ મેળવી શકતા હોય તો તેઓ ચાર ચાર મહિને પણ કષાયોથી ઉપશમવાની પ્રક્રિયાનો અમલ કરી શકે છે. આ જ રીતે જેઓ ચાર ચાર મહિને પણ આત્મજાગ્રતિ મેળવી શકતા ન હોય અને તેથી ચાર ચાર મહિને પણ કષાયોથી ઉપશમવાની પ્રક્રિયાનો અમલ બની શકતો ન હોય તેઓએ છેવટે શાસ્ત્રમર્યાદાના વર્ષ દિવસને અંતે તો સઘળા ય પ્રકારના કષાયોથી ઉપશમવાની પ્રક્રિયાનો અમલ કરવો જ જોઈએ. જેઓ છેવટ આ રીતે પણ કષાયોથી ઉપશમવાની પ્રક્રિયાનો અમલ કરતા જ નથી તેઓની માનવતા ક્યાં તો મરી જાય છે અગર ખોવાઈ જાય છે.

વિષયોના વિરાગના અભાવના કારણે અને વિષયો તરફના સદ્‌ભાવના કારણે આપણા જીવનમાં કષાયો કેટકેટલો અને કેવો ભાગ ભજવે છે તેનો સૂક્ષ્મ રીતે અભ્યાસ કરવા જેવો છે. કષાયો ઊભા થાય છે અને તોફાને ચઢે છે તે અમથા થતા નથી. એમને પણ ઊભા થવામાં અને તોફાને ચઢવામાં પૂરતા કારણો મળે છે. એ કારણો ક્યારેક પોતે પણ ખોળી લ્યે છે તો ક્યારેક ખૂદ આપણે જ તેમને પૂરા પાડીએ છીએ. કોઈ પણ રીતે કારણોની હાજરી મળે અને એ ઊભા થાય તથા તોફાને ચઢે એમાં નવાઈ જેવું કાંઈ નથી. એ એવા તો ઉદાર-નીતિવાળા નથી કે એમને ઊભા થવા અને તોફાને ચઢવા પૂરતાં કારણો મળે અને એ ઊભા થવાનું અને તોફાને ચઢવાનું માંડી વાળે. એટલે કષાયો ઊભા થાય અને તોફાને ચઢે અને જે કાંઈ ખાનાખરાબી સર્જાય તેમાં એમને જ જવાબદાર ગણવા કરતાં, એમને ઊભા થવામાં અને તોફાને ચઢવામાં જે કારણો છે એ કારણો એમને પૂરા પાડનારને જ જવાબદાર ગણવા જોઈએ, એ મને તો વ્યાજબી લાગે છે.

આમેય કષાયો પુદ્‌ગલસ્વરૂપ અને જડ તો છે જ. આથી એ પોતાની મેળે સ્વતંત્ર પ્રયત્ન કરી શકવાના તો છે જ નહિ. તેઓ આપણને વળગે તેવાં કારણો આપણે તેમને આપીએ અને તેઓ આપણને વળગી આત્માની પરિણતિને પોતાનામય બનાવે તેમાં એમનો ગુન્હો શો? જે જેવા ગુણવાળો હોય તે તેવો ગુણ બતાવે તેથી એ કાંઈ ગુન્હેગાર ઠરતો નથી કષાયો જેવા સ્વભાવના હોય, તેવું જ, તેને અનુસરતું જ ફળ તેઓ આપે. આપણને કષાયોનું ફળ પસંદ ન હોય તો તેઓનો આપણામાં પ્રવેશ થવા દેવો ન જોઈએ અને તેઓ જે કારણોના આધારે પ્રવેશ કરે, તેવા કારણો આપણે તેમને પૂરા પાડવા જોઈએ નહિ.

આપણી તો હાલત એ છે કષાયોને જોઈતા કારણોનો ખજાનો આપણે ત્યાં ભર્યો પડ્યો છે. ખાલી કર્યો થાય એવો નથી. આ સંજોગોમાં કષાયોને કારણો સહેજે સહેજે મળી જાય અને રોજ રોજ એ ઊભા થાય અને તોફાને ચઢે અને ખાનાખરાબી સર્જાય એમાં નવાઈ જેવું શું છે.?

આપણે તો આપણામાં કષાયો ઊભા થાય અને તોફાને ચઢે એવું જેમ કરીએ છીએ તેમ બીજાઓમાં પણ કષાયો ઊભા થાય અને તોફાને ચઢે એવુંય કરીએ છીએ. આટલામાં આપણને જાણે કાંઈ બાકી રહી જતું હોય તેમ બીજાઓની કષાયોથી ભરીભરી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓને પ્રશંસાના શબ્દપુષ્પોની ફુલગૂંથણીભરી માળાઓ આરોપણ કરવામાં આપણને ધનભાગ્ય માનીએ છીએ. આ ધન્યતા આપણને ઓછી છે?

ભાગ્યવાનો! મહાપર્વના મહાન્ દિવસો નજીકમાં જ આવી રહ્યાં છે. એ દિવસો આવે એ પહેલાં જ વિષયોનો સદ્‌ભાવ દૂર કરી વિરાગ

For Private And Personal Use Only

# પર્યુષણ પર્વારાધનની સફળતા

લેખક : માસ્તર ખુબચંદ કેશવલાલ-સિરોહી

પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધનામાં મુમુક્ષુ આત્માનો મુખ્ય હેતુ અનાદિકાળથી આત્માની સાથે સંયુક્ત થયેલા કષાયોથી મુક્ત થવાનો છે.

પ્રતિસમય આત્મા વિભાવ પરિણામમાં જોડાઈ કાર્મણ વર્ગણાના પુદ્‍ગલને આકર્ષી પોતાની સાથે તાદાત્મ્ય સંબંધ કરે છે તેનો મુખ્ય હેતુ તો મોહનીય કર્મ જ છે. યદ્યપિ સામાન્ય રીતે તો કર્મબંધના હેતુ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચારે છે. તેમાં પ્રથમના ત્રણ હેતુ તો મોહરૂપ જ છે અને ચોથો પ્રકાર યોગ તે કર્મબંધનો જનક છે, પરંતુ તેનામાં અનુભાગ નહિ હોવાથી બન્ધનશક્તિ નથી. કષાયવડે રંજિત થયેલો યોગ જ કર્મબંધનું કારણ છે. ત્યાં પ્રભાવ તો કષાયના સામર્થ્યનો જ છે. એટલે કર્મબંધમાં મુખ્ય હેતુ તો મોહનીય જ છે. આત્મામાંથી મોહનીય કર્મનો ક્ષયોપશમ થતે છતે કર્મની સ્થિતિ અને રસબંધમાં અલ્પતા થાય છે. અને ધીમે ધીમે મોહનીયકર્મનો સર્વથા ક્ષય થવાથી આત્મા વીતરાગ બને છે. મોહનીયકર્મ બે પ્રકારનું છે: (૧) દર્શનમોહનીય (૨) ચારિત્રમોહનીય. જ્યાં સુધી દર્શનમોહનીયની સત્તા આત્મા પર હોય છે ત્યાં સુધી આત્માને ચારિત્રમોહનીયનો વાસ્તવિક ખ્યાલ પેદા થતો નથી, પરંતુ દર્શનમોહનીયનો ક્ષયોપશમ યા તો ક્ષય થવાથી ચારિત્રમોહનીયનો વાસ્તવિક ખ્યાલ પેદા થાય છે. અને ત્યાર બાદ ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ કે ક્ષય કરવાની ઉત્કંઠાવાળો આત્મા બને છે. કદાચ ચારિત્રમોહનીયની અતિ પ્રબલતાના યોગે આત્માની ઇચ્છાનો અમલ અમુક ટાઇમ સુધી અશક્ય બની રહે પરંતુ આત્મા અતિ વીર્યવંત બનતાં અંતે તો ચારિત્રમોહનીયના ક્ષયોપશમ કે ક્ષયમાં અવશ્ય તે સફળ નીવડે છે.

સાંસારિક બન્ધનોમાં ફસાએલ આત્માઓ ઉપર મુજબ પ્રયત્નમાં સદાને માટે પ્રયત્નશીલ ન બને તો પણ પર્વ દિવસોમાં અને વિશેષ કરીને તો પર્યુષણ પર્વમાં જરૂર ઉત્સુક બને છે. મહાપુરુષોએ ફરમાવેલાં પર્યુષણ પર્વ અંગેનાં કર્તવ્યોની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થવાથી આત્મા ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ સાધે છે. અનાદિકાળથી સંબંધિત થઇ ગએલ તે ચારિત્રમોહનીય કર્મની પ્રબલતા આત્મા ઉપર એટલી બધી જામેલી હોય છે કે પર્યુષણ પર્વ વ્યતીત થયા બાદ પર્યુષણમાં કરેલ પ્રયત્નનો ખ્યાલ ચૂકી જાય છે અને પુનઃ વધુ રાગી-દ્વેષી બને છે; છતાં આત્માએ ગભરાઇ જઇ પોતાના પ્રયત્નથી વિરામ ન પામવું જોઇએ. ઘણી વખત એમ પણ બને છે કે જે કાર્ય માટે પર્યુષણમાં કરેલ પ્રવૃત્તિથી પર્યુષણ બાદ ઉપયોગશૂન્યતાએ અને મોહનીયકર્મની અતિ બલવત્તાએ આપણે વિપરીત પ્રવૃત્તિમાં પણ જોડાઇ જઇએ છીએ જેથી લોકનિંદાના પણ આપણે ભાગી બની જઇએ છીએ. પણ એથી મૂંઝાઇ જઇ ફરી આપણે સુપ્રવૃત્તિમાં પ્રવૃત્ત ન થવું એટલે કે પર્યુષણમાં જે આરાધના કરતા હતા તેવી આરાધનાના ફરી આરાધક ન બનવું એવા વિચારવાળા નહિ બની જવું જોઇએ. કર્મ સાથેના યુદ્ધમાં ચડવું-પડવું એ બન્ને થાય છે. એક જ વખતના પર્યુષણની આરાધનાથી કાર્યની સંપૂર્ણતા પ્રાપ્ત થઇ જતી હોત તો તે જ ટાઇમે મોહનીયકર્મનો સર્વથા ક્ષય કરી વીતરાગતા પ્રાપ્ત કરી લીધી હોત. હા ! એટલું જરૂર છે કે આપણી સ્ખલનાથી આપણે સાવધ જરૂર બની રહેવું જોઇએ.

---

કેળવવા માંડજો. વિષયોનો સદ્‍ભાવ દૂર થઇ જશે અને વિરાગ કેળવાઇ જશે તો કષાયોથી ઉપશમવાનું સુલભ બની જશે. સૌ કોઇ ભવ્યાત્માઓ શાસ્ત્રમર્યાદાના વર્ષ દિવસને અંતે પણ કષાયોથી ઉપશમવાનું કરે અને એ રીતે ક્ષમાપનાના કર્તવ્યને જીવનમાં આચરવાનું બનાવે અને આ કર્તવ્યના આચરણનું મહાન્ ફળ જે મોક્ષ, તેને તેઓ પામે એ જ શુભાભિલાષા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં ઉપયોગ અવશ્ય રાખવો જોઈએ. અને એ રીતે પણ આપણામાં ચારિત્રમોહનીયના ક્ષયોપશમની પારાશીશી કેટલા પ્રમાણમાં છે, તેમાં વધઘટ શું થઇ છે, તેનો ખ્યાલ બરાબર રાખવો જોઈએ અને ક્ષયોપશમ વધારવાના જિજ્ઞાસુ બનવું જોઇએ.

ગત પર્યુષણમાં આરાધનાની જે ઉજ્જવલતા હતી તેના કરતાં આગામી પર્યુષણમાં વધુ ઉજ્જવલતા આવે એ રીતે તૈયારી–સાવચેતી પ્રથમથી જ કરી રાખવી જોઇએ. પર્યુષણમાં તો આવક–જાવકનું સરવૈયું કાઢવાનું છે. વરસ આખાની પ્રવૃત્તિ ખ્યાલમાં લાવી ઉજ્જવલતામાં રહી ગયેલ ન્યૂનતાને પૂર્ણ કરવા પર્યુષણના પહેલાં સાત દિવસોમાં પ્રયત્નશીલ બનવાનું છે.

એક પર્યુષણમાં પ્રાપ્ત કરેલ આત્માની ઉજ્જવલતાને ટકાવી રાખવા પર્યુષણબાદ પણ આત્માએ કેવો ઉપયોગ રાખવો જોઇએ એ આપણે વિચારીએ.

પર્યુષણમાં આપણાં સર્વ સગાં–સંબંધી તથા મિત્રોને ક્ષમા અર્પી છે અને ક્ષમા યાચી છે. તેઓના દોષોને પર્યુષણ બાદ પણ કદી સ્મૃતિમાં લાવવા ન જોઇએ. દોષોની સ્મૃતિ થવાથી કષાયની લાગણી તીવ્ર થાય છે અને તેમ થવાથી આપણો નિર્મલ થયેલો આત્મા ફરી કલુષિત બને છે. કદાચ બળાત્કારે સ્મૃતિ થઈ આવે તો વિશુદ્ધ મૈત્રીનો પ્રવાહ તે પ્રતિ વહેવડાવી તેમનું શુભ થાય એવી ભાવના ભાવી પૂર્વના સંસ્કારોને દાબી દેવા શકય એવા દરેક પ્રયત્ન કરવા.

× × ×

અદ્યાપિ પર્યંત જે કોઇ કટુ વચનો સાંભળવાં પડ્યાં હોય તે વિસરી જવાં જોઇએ. તેની સ્મૃતિ આપવાનો અન્ય કોઇ પ્રયત્ન કરે, અને તેથી હૃદયને કદાચ આનંદ મળતો હોય તો પણ દબાવી દેવો.

પોતાના શુદ્ધ નિશ્ચયરૂપી કુહાડવતી તેનું ઉન્મૂલન કરવું, કટુ વચનો કહેનારનો ઉપકાર માનવો અને એવાં વચનોને લીધે જ ઉન્નતિ સાધી શકાશે એમ વિચારવું.

× × ×

પર્યુષણમાં સર્વ જીવો સાથે ક્ષમાની યાચના કરતાં હવેથી બની શકે ત્યાં સુધી કોઈ જીવને દુભાવવા નહીં તે માટે આત્મા તથા ગુરુસાક્ષીએ પ્રતિજ્ઞા કરી છે, માટે હવેથી વૃત્તિની લોલુપતાને ત્યજવાનો અભ્યાસ પાડવો. ઇંદ્રિયની લોલુપતાથી અસંખ્ય --એકેંદ્રિયથી લઇ પંચેન્દ્રિય જીવોના વિરાધક બનીએ છીએ. અભિગ્રહ નહિ ધરવાથી વિશેષ આલોચણાના ભાગી થતા જઇએ છીએ. વળી એક વિષયમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં ભટકવાનો અભ્યાસ છોડી દેવો જોઇએ. એટલું તો નિશ્ચય સમજવું જોઇએ કે વૃત્તિઓને સંતોષવામાં કોઇ કાળે અખંડ શાંતિ મેળવી શકાશે નહિ. જો ખરેખર સ્થૈર્ય અને શાંતિવાળું જીવન ગુજારવા માગતા હોઇએ તો ઇંદ્રિયનો નિગ્રહ કરતાં શીખવું જરૂરી છે. તેમાં જ ખરી શાંતિનાં સુખો રહેલાં છે.

× × ×

આપણે પત્રો દ્વારા કે પુસ્તકો દ્વારા જે દ્વેષ યુક્ત કજીયાઓ પૂર્વે સાંભળ્યા હોય તે પુનઃ સાંભળવાનું મૂકી દેવું. તેના સંબંધી વિચાર સુદ્ધાં પણ કરવો નહિ. તે કજીયા શાથી ઉદ્ભવ્યા અને તેનું શું પરિણામ આવ્યું તે શોધવાનો પણ શ્રમ લેવો નહિ. કારણ કે જે કાર્ય નિંદ્ય તથા અયોગ્ય હોય છે, તેનાં કારણો પણ લગભગ તેવાં જ હોય છે, તો પછી એવાં અયોગ્ય અને નિંદ્ય કારણોની શોધ પછવાડે સમય વીતાવવાનું સાર્થકય શું ? મતલબ કે એવી વસ્તુનું મનન કે ચિંતન કરવાની હવેથી કોઇ દિવસ આવશ્યકતા વિચારવી નહિ.

× × ×

આપણી આજ સુધીની જિંદગીમાં જે દુઃખના, શોકના, ભયના કે એવા જ બીજા હલકા પ્રસંગો આવ્યા હોય તે તે વીસરી જવા. જે વસ્તુની વારંવાર સ્મૃતિ થાય છે, તે વસ્તુ વખત જતાં પ્રત્યક્ષ થાય છે, એમ વિચારશીલ પુરુષોનું કહેવું છે. દુઃખદ પ્રસંગોનું સ્મરણ જેમ જેમ તીવ્ર થતું જાય છે, તેમ તેમ દુઃખની વેદના પણ તેટલી જ તીવ્ર થતી

For Private And Personal Use Only

જાય છે અને જેમ જેમ તે વિસરી જવાય છે તેમ તેમ હૃદયમાં શાંતિનું સિંચન થતું જાય છે.

× × ×

સંવત્સરી પ્રતિક્રમણ કર્યા બાદ કોઈ પ્રતિ વેરનો બદલો લેવાનો કદાપિ પણ પ્રયત્ન કરવો નહિ. ચારિત્રમોહનીય કર્મના અતિ તીવ્ર ઉદયે કદાચ કોઈએ કરેલા અપરાધનો બદલો લેવા પ્રવૃત્ત થયા હોઈએ તો સમજવું કે આપણું સંવત્સરી પ્રતિક્રમણ યથાર્થ નથી. ખમજો અને ખમાવજોની ભાવનામાં આપણે બીજાને ખમાવવામાં વિજયી થયા હશું, પરંતુ પોતે ખમી શક્યા નથી. આ રીતે પોતે પોતાના આત્માને કરેલા દ્રોહને માટે વારંવાર પશ્ચાત્તાપ કરવો. અને ભવિષ્યમાં ખમવાની ઉદારતા બતાવવી.

× × ×

હરહંમેશાં વિચારવું જોઈએ કે "खामेमि सव्वे जीवे, सव्वे जीवा खमंतु मे" આ પ્રતિજ્ઞામાં મારો આત્મા હજુ સ્થિર છે કે નહિ? સંસારના ભોગોપભોગો રાગદ્વેષની પરિસ્થિતિએ કે વિવિધ પ્રલોભનોએ આપણો આત્મા ડગ્યો તો નથીને? વચન આપ્યા અનુસારે સર્વ જીવો પ્રત્યેનો મૈત્રીભાવ કોઈ અંશે ન્યૂન તો નથી થયોને? નિરંતર દેવસી પ્રતિક્રમણમાં આ સ્મરી જવું. આથી આત્માની અનંત શક્તિઓ જાગૃત થશે અને વચનાતીત નિજાનંદ અનુભવાશે. ઉપર મુજબ આત્મજાગૃતિ પર્યુષણ બાદ પણ ચાલુ રહે તો બીજાં પર્યુષણ આવતાં સુધીમાં તો આત્મગુણોની ઉજ્જ્વલતામાં કોઈ અનેરો વધારો થઈ પામે છે. અને ક્રમે ક્રમે આત્મવિકાસ વધુ ને વધુ થશે. પર્યુષણ પર્વ એટલે મુકરર કરેલ તે આઠ દિવસોમાં આત્મજાગૃતિ પેદા કરી આત્મ વિકાસના સાધનામાં આગળ ધપવું એ જ પર્વાધિરાજ પર્વની આરાધનાની વાસ્તવિક સફલતા છે.


નવી આવૃત્તિ પ્રગટ થઇ ચૂકી છે

## બાર વ્રતની પૂજા—અર્થ સહિત

### [ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા—અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથેસાથ સ્નાત્રપૂજા અને આરતી—મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

પ્રચારાર્થે મૂલ્યમાં ઘટાડો.........................................જરૂર મંગાવી લ્યો

## બે પ્રતિક્રમણ સૂત્ર-સાર્થ [ અર્થ, ભાવાર્થ ને વિવેચન યુક્ત ]

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તેમજ રાજનગર ધાર્મિક પરીક્ષા વિગેરેનો અભ્યાસક્રમ આમાં આપવામાં આવ્યો છે, તદુપરાંત સ્તવનો, છંદો, સજ્ઝાયો વિગેરે ઉપયોગી સામગ્રી આપવામાં આવી છે. પ્રચારાર્થે મૂલ્યમાં ઘટાડો કર્યો છે. કિંમત રૂા. ૧-૮-૦

વિશેષ નકલો મંગાવનારાએ અવશ્ય તરત જ પત્રવ્યવહાર કરવો.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

## પર્વાધિરાજ પર્યુષણના પવિત્ર દિવસોમાં

## વાંચન-મનન કરવા યોગ્ય સુંદર પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| [illegible] ચરિત્ર (કથા) | ૦-૮-૦ | વીશ સ્થાનક તપવિધિ | ૨-૮-૦ |
| બાર ભાવનાની સજ્ઝાય | ૦-૪-૦ | શ્રાદ્ધદિનકૃત્ય | ૦-૧૨-૦ |
| [illegible] દેશના ભાષાંતર | ૦-૮-૦ | હિતશિક્ષા રાસનું રહસ્ય | ૨-૦-૦ |
| [illegible] ચરિત્ર (કથા) | ૦-૪-૦ | અધ્યાત્મકલ્પદ્રુમ | ૬-૪-૦ |
| શ્રી આદિનાથ ચરિત્ર | ૬-૮-૦ | જૈન દૃષ્ટિએ યોગ | ૨-૮-૦ |
| આત્મદર્શન | ૦-૮-૦ | પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા | ૨-૮-૦ |
| આત્માનો આદર્શ | ૦-૮-૦ | પ્રભાવિક પુરુષો ભા. ૩ | ૩-૮-૦ |
| આગમસારોદ્ધાર | ૦-૮-૦ | યુરોપના સંસ્મરણો | ૧-૮-૦ |
| કલિંગનું યુદ્ધ | ૦-૧૨-૦ | શંખેશ્વર પાર્શ્વનાથ | ૧-૮-૦ |
| કચ્છ ગિરનાર યાત્રા | ૧-૮-૦ | શત્રુંજય તીર્થનો ઉદ્ધાર | ૦-૮-૦ |
| જૈનોના મહાન રત્નો | ૧-૪-૦ | શ્રી હેમચંદ્રાચાર્ય | ૦-૧૨-૦ |
| જૈન ઐતિહાસિક રાસમાળા | ૧-૦-૦ | નયપ્રદીપ | ૧-૦-૦ |
| જૈન તત્ત્વસાર | ૦-૬-૦ | દાન ધર્મ, પંચાચાર | ૧-૧-૦ |
| જૈન તત્ત્વપરીક્ષા | ૦-૮-૦ | જ્ઞાનસાર | ૨-૦-૦ |
| નવસ્મરણ | ૦-૨-૦ | તાત્ત્વિક લેખ સંગ્રહ | ૨-૦-૦ |
| નવકાર મહામંત્ર | ૦-૪-૦ | શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર અધ્ય. ૧૫ | ૧૦-૦-૦ |
| પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો | ૦-૬-૦ | બાલેન્દુકાવ્યકૌમુદી | ૨-૦-૦ |
| વીરવિજય જીવનચરિત્ર | ૦-૪-૦ | માનવજીવનનું પાથેય | ૦-૮-૦ |
| સૂક્ત મુક્તાવલિ | ૦-૧-૦ | ઐતિહાસિક પૂર્વજોની ગૌરવગાથા | ૨-૮-૦ |
| સિંદૂર પ્રકરણ | ૦-૪-૦ | શ્રી આનંદઘનજીનું દિવ્ય જિન-માર્ગદર્શન | ૧-૮-૦ |
| સંવેગમાળા | ૦-૪-૦ | | |
| ચિદાનંદજી સંગ્રહ ભા. ૨ જો | ૦-૪-૦ | | |
| પવિત્રતાને પંથે | ૦-૬-૦ | | |

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

## સ્વાધ્યાયરત્નાવલી

શ્રી ભરહેસરની સજ્ઝાયમાં આવતાં મહાન્ પુરુષોના જીવનને સંક્ષિપ્ત રીતે છતાં રોચક ભાષામાં વર્ણવી લેતી અને સાથોસાથ તે દરેક મહાપુરુષના જીવનને વર્ણવતી **સજ્ઝાય** યુક્ત આ ગ્રંથ અનોખી જ ભાત પાડે છે. અભ્યાસ તેમજ સામાયિકમાં વાંચન માટે આ ગ્રંથ ઉપયોગી છે. છતાં મૂલ્ય માત્ર રૂા. ૧-૪-૦ પોસ્ટેજ અલગ. લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નૂતન પ્રકાશન : [ શ્રી મહાવીર જૈન વિદ્યાલય પ્રકાશન ] આનંદઘન ચોવીશી

## શ્રી આનંદઘનજીનાં પદો

[ ભાવાર્થ અને વિસ્તૃત વિવેચન સાથે ]

સ્વ. શ્રી મોતીચંદભાઈએ વર્ષો પૂર્વે લખેલ અને આપણી સભાએ છપાવેલ આ અપૂર્વ ગ્રંથ કેટલાક વર્ષોથી મળતો નહોતો તે તાજેતરમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયે સ્વ. મોતીચંદભાઈ ગ્રંથમાળાના ત્રીજા મણકા તરીકે પ્રસિદ્ધ કરેલ છે. આ અપૂર્વ ગ્રંથને માટે કંઈ પણ વિશેષ લખવાની જરૂર નથી.

પચ્ચાસ પદોનું વિસ્તૃત વિવેચન તેમજ શ્રીમદ્ આનંદઘનજીના જીવન અંગેનું હૃદયંગમ તલસ્પર્શી વિવેચન તથા તત્કાલીન મહાપુરુષોનો પરિચય આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

પાકું હૉલક્લોથ બાઈંડીંગ, ૬૦૦ પૃષ્ઠ, સુંદર છપાઈ છતાં મૂલ્ય માત્ર રૂા. સાડાસાત

લખો:-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

— પ્રસિદ્ધ થઈ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો શીલીકે છે —

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે, આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપ આપની નકલ તરત જ મગાવી લેશો.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરલતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

લખો :-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

નવપદારાધન માટે અતિ ઉપયોગી — **સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)**

નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત સુંદર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠ આના.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

મુદ્રક : સાધના મુદ્રણાલય : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only